| PUBLICATION NAME : | Standard Herald |
|---|---|
| EDITION : | Ahmedabad |
| DATE : | 10/11/2022 |
| PAGE: | 7 |

# ઈડીઆઈઆઈમાં રાષ્ટ્રીય ઉદ્યોગસાહસિકતા દિવસની ઉજવણી થઈ

આંતર પ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા અમદાવાદે ઈડીઆઈ આઈ ના કેમ્પસમાં ૯ નવેમ્બર ના રોજ રાષ્ટ્રીય ઉદ્યોગસાહસિકતા દિવસની ઉજવણી કરી હતી. આ કાર્યક્રમમા વિદ્યાર્થીઓ, સ્ટાર્ટઅપ્સના પ્રતિનિધિઓ અને યુવાન ઉદ્યોગ સાહસિકો સારી એવી સંખ્યામાં જોડાયા હતા. શાળાના વિદ્યાર્થીઓમાં ઉદ્યોગસાહસિકતા. દેશના ભવિષ્ય સમાન બાળકોના મનમાં ઉદ્યોગસાહસિકતાના બીજ રોપવા માટે આ વિષય નક્કી કરવામાં આવ્યો હતો. સંપૂર્ણ કાર્યક્રમની યોજનાનો ઉદ્દેશ વિદ્યાર્થીઓ વચ્ચે નવીનતા અને ઉદ્યોગસાહસિકતા ખીલવવાનો હતો. કાર્યક્રમમાં પ્રેરક સંબોધન ઉપરાંત વિદ્યાર્થીઓની અંદર રહેલી ઉદ્યોગસાહસિકતાની સંભાવનાનું મૂલ્યાંકન કરવા કે ચકાસવા સાયકોમેટ્રિક ટેસ્ટ કરવામાં આવ્યો હતો.